::પરિપત્ર::

આથી સર્વે સંશોધન વૈજ્ઞાનિકશ્રી, પ્રાધ્યાપકશ્રી, કચેરીના વડાશ્રીઓને જણાવવાનું કે, જામજોધપુર ખાતે યોજાનાર કૃષિ મેળામાં પ્રદર્શિત કરવા માટે એકસરખા ચાર્ટ તૈયાર કરવાની કામગીરી ચાલુ છે. તા. ૨૪/૦૫/૨૦૧૩ના રોજ ઈવેન્ટ મેનેજમેન્ટ પાર્ટી દ્વારા તેને લગાડવા માટેની કાર્યવાહી કરવામાં આવશે. તેથી આપ અથવા તો આપના સ્ટોલ ઈન્ચાર્જને જણાવવાનું કે, આપના સ્ટોલમાં જયારે ચાર્ટ લગાવવાની કામગીરી શરૂ થાય ત્યારે અવશ્ય હાજર રહેવું અને ચાર્ટની યોગ્ય સીકવન્સ ગોઠવાય તે અંગેની કાળજી લઈ તેઓને માર્ગદર્શન આપવુ.

વધુમાં જણાવવાનું કે, માન. મુખ્યમંત્રીશ્રી પ્રત્યેક સ્ટોલની મુલાકાત લેનાર છે. તેથી સ્ટોલમાં હાજર રહેનાર સ્ટોલ ઈન્ચાર્જ અધિકારી પાસે ફોટો આઈડેન્ટી કાર્ડ (પાસ) હોવા ખૂબ જરૂરી છે. તેથી આપે હજુ પણ પાસ કઢાવ્યા ન હોય તો **આજે જ બપોરે ૨.૦૦ કલાક** સુધીમાં આપના સ્ટોલ ઈન્ચાર્જના પાસ કઢાવવા માટે ફોટા પાછળ નામ, હોદ્દો, વિભાગનું નામ લખી સંશોધન નિયામકશ્રીની કચેરીના લાયઝન સમિતિના સભ્ય શ્રી વી.વી.સાકરીયા તથા શ્રી બી.કે. મહેતાને પહોંચતા કરવા જણાવવામાં આવે છે.

ઉપરાંત દરેક સ્ટોલમાં વિષય સંલગ્ન સિધ્ધિ હાંસલ કરનાર બે પ્રગતિશીલ ખેડૂતોને પોતાના અનુભવ અને સિધ્ધિ અંગેની વાત કરવા માટે અચૂક ઉપસ્થિત રાખવાના થાય છે. તેથી આપના સ્ટોલમાં જે ખેડૂત ઉપસ્થિત રહેવાના હોય તેમના ફોટા તથા નામ સાથેની વિગત પણ સંશોધન નિયામકશ્રીની કચેરીમાં **આજે બપોરના ૨.૦૦ કલાક** સુધીમાં અવશ્ય મોકલી આપવી. જેથી સમય મર્યાદામાં પાસ મેળવવાની વ્યવસ્થા થઈ શકે.

વિસ્તરણ શિક્ષણ નિયામક
જૂનાગઢ કૃષિ યુનિવર્સિટી
જૂનાગઢ

જા.નં. જૂકૃયુ/વિશિનિ/ટેક–૩/કૃ.મ.૧/ 4379-4383 /૧૩ જૂનાગઢ, તા.23/૦૫/૨૦૧૩

**નકલ જયભારત સાથ રવાના:**

૧. સર્વે સંશોધન વૈજ્ઞાનિકશ્રી, પ્રાધ્યાપકશ્રી, કચેરીના વડાશ્રીઓ તરફ જાણ તથા અમલ થવા સારૂ.
૨. નિયામકશ્રી, આઈ.ટી. સેલ, જૂનાગઢ કૃષિ યુનિવર્સિટી, જૂનાગઢ તરફ ઈ–મેઈલ થવા સારૂ.
૩. શ્રી વી.વી.સાકરીયા તથા શ્રી બી.કે. મહેતા, સંશોધન નિયામકશ્રીની કચેરી, જૂ.કૃ.યુ., જૂનાગઢ તરફ જાણ તથા અમલ થવા સારૂ.

E:\T-2\KM-2013\KRUSHI MELA-2013\paripatra.doc